જા.નં./મા-૨/૨૦૨૪/૧૩૧૦

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com
તા.૨૩/૦૬/૨૦૨૪

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી, અનુદાનિત, માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, તમામ
જિ - સુરત.

આ સાથે સામેલ કમિશનરશ્રી,પીએમ પોષણ યોજનાની કચેરી, ગાંધીનગરનો તા.૨૦/૦૬/૨૦૨૪ પત્ર અન્વયે તમામ શાળાઓને જાણ તથા અમલ કરવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

PM POSHAN

કમિશનરશ્રી, પીએમ પોષણ યોજનાની કચેરી
ચોથો માળ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯,
ગુજરાત રાજય, ગાંધીનગર-૩૮૨૦૧૯
Email Id: commissionermdm@gmail.com, Office Contact No. 079-232-53450

ક્રમાંક:પીએમપી/અમલ-૪/પ્રવેશોત્સવ-૨૦૨૪/5576-5641 તા.૨૦/૦૬/૨૦૨૪

૧) પ્રતિ

કલેકટરશ્રી,
પીએમ પોષણ યોજના શાખા
કલેકટર કચેરી, તમામ – જીલ્લા.

૨) પ્રતિ

જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
તમામ – જીલ્લા

**વિષય :- શાળા પ્રવેશોત્સવ-૨૦૨૪- દરમિયાન શાળા પરિસરમાં મહાનુભાવોના હસ્તે "સરગવાના છોડ"નું વૃક્ષારોપણ**

શ્રીમાન,

સવિનય ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે રાજ્યમાં વર્ષ ૨૦૨૪-૨૫નો કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ તારીખ ૨૬, ૨૭, અને ૨૮ જૂન -૨૦૨૪ (બુધવાર થી શુક્રવાર)ના રોજ આયોજીત થનાર છે. આ દરમિયાન રાજયની પ્રાથમિક શાળાઓમાં માન. મુખ્યમંત્રીશ્રી, માન. મંત્રીશ્રીઓ / મહાનુભાવો અને રાજયના ઉચ્ચ અધિકારીશ્રીઓની ઉપસ્થિતિમાં શાળાઓમાં કાર્યક્રમ આયોજીત થશે. કાર્યક્રમ સંપન્ન થયા પછી મહાનુભાવોના હસ્તે સ્મૃતિસ્વરૂપ વૃક્ષારોપણ પણ કરવામાં આવશે. આપશ્રી સુવિદિત છો કે રાજયની દરેક શાળામાં ઉપલબ્ધ જમીન પ્રમાણે સ્કૂલ ન્યુટ્રિશનલ ગાર્ડન વિકસાવવાનો છે તથા તેનું સવર્ધન અને જતન કાળજી પૂર્વક કરવાનું છે. "સરગવા"ના પોષક મૂલ્યોની અગત્યતા ધ્યાને રાખી શાળા પ્રવેશોત્સવ ૨૦૨૪ દરમિયાન શાળાની મહાનુભાવોની મુલાકાત દરમિયાન તેમના હસ્તેના વૃક્ષારોપણના કાર્યક્રમમાં "સરગવાના છોડ"નું રોપણ થાય તે ખૂબ જ મહત્વનું ઉપયોગી કાર્ય છે.

ગયા વર્ષના શાળા પ્રવેશોત્સવ-૨૦૨૩ બાદ માન. મુખ્યમંત્રીશ્રીની જુદી-જુદી શાળાઓની મુલાકાત લીધેલ પદાધિકારીશ્રીઓ / અધિકારીશ્રીઓ સાથેની ડી બ્રીફિંગ મીટીંગના પીએમ પોષણ યોજના માટે મહત્વના ભોજનની ગુણવત્તા માટે ઉપયોગી સૂચનોમાં એક સૂચન "પીએમ પોષણ યોજના હેઠળના વિદ્યાર્થીઓના ભોજનમાં સરગવાના પાન અને સીંગનો ઉપયોગ તથા સરગવાની અગત્યતા અંગે જાગૃતિ." સંદર્ભે થયેલ. જેના અનુસંધાને અત્રેની કચેરીથી તા.૧૦/૦૭/૨૦૨૩ના પત્રથી જરૂરી

જિલ્લા [illegible]
આવક નંબર :- 3628
તારીખ :-

ગવપાણ કરવા માટે વિનંતી કરવામાં આવે છે. આ સાથે ઉક્ત પત્રની નકલ વંચાણ અર્થે પુનઃ સ
છે.

આથી શાળા પ્રવેશોત્સવ ૨૦૨૪ દરમિયાન તા. ૨૬, ૨૭, અને ૨૮ જૂન -૨૦૨૪ના રોજ શાળાની મુલાકાતે આવેલ મહાનુભાવના હસ્તેના વૃક્ષારોપણના કાર્યક્રમમાં "સરગવાના છોડ"નું રોપણ થાય માટે જરૂરી સંકલન કરી સંબંધિત તમામને સૂચના આપવા વિનંતી છે.

આભાર.

સંયુક્ત કમિશનર
પીએમ પોષણ યોજના
ગાંધીનગર

બિડાણ: અત્રેના પત્ર ક્રમાંકઃ પી પીએમપી/પ્રવેશોત્સવ-૨૦૨૩/મા.મુખ્યમંત્રીશ્રી/ડી બ્રીફિંગ મીટીંગ/૧૩૦૦૬-૧૩૦૮૦ તા. ૧૦/૦૭/૨૦૨૩

નકલ સવિનય રવાના -

પ્રતિ,

- મ્યુનિસિપાલ કમિશનરશ્રી, તમામ કોર્પોરેશન જાણ તથા જરૂરી કાર્યવાહી
- નિયામકશ્રી, સમગ્ર શિક્ષા અભિયાન, સેક્ટર-૧૭, ગાંધીનગર જાણ તથા જરૂરી કાર્યવાહી
- નાયબ સચિવશ્રી, શિક્ષણ વિભાગ (૨-શાખા), સચિવાલય, ગાંધીનગર જાણ સારૂ.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ગાંધીનગર જાણ તથા જરૂરી કાર્યવાહી

કમિશનર, પીએમ પોષણ યોજનાની કચેરી
બ્લોક નં-૧૪/૧, ડો જીવરાજ મહેતા ભવન
સેક્ટર-૧૦, ગુ.રા., ગાંધીનગર, ગુજરાત-૩૮૨૦૧૦
Email—commissionerandm@gmail.com, Office No -079-232 53450

ક્રમાંક:પીએમપી/પ્રવેશોત્સવ-૨૦૨૩/મા.મુખ્યમંત્રીશ્રી/ડી બ્રીફિંગ મીટીંગ/૧૩૦૦૯ - ૧૩૦૮૦ તા. /૦૭/૨૦૨૩

10 JUL 2023

૧) પ્રતિ

કલેકટરશ્રી,
પીએમ પોષણ યોજના શાખા
કલેકટર કચેરી, તમામ – જીલ્લા.

૨) પ્રતિ

જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
તમામ – જીલ્લા

વિષય :- શાળા પ્રવેશોત્સવ-૨૦૨૩ અંગે માન.મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષપદે તા.૨૨/૦૬/૨૦૨૩ ના રોજ યોજાયેલ ડી બ્રીફિંગ મીટીંગ.
- પીએમ પોષણ યોજના હેઠળના વિદ્યાર્થીઓના ભોજનમાં સરગવાના પાન અને સીંગનો ઉપયોગ તથા સરગવાની અગત્યતા અંગે જાગૃતિ.

શ્રીમાન,

સવિનય ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, માન. મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષપદે તા.૨૨/૦૬/૨૦૨૩ ના રોજ શાળા પ્રવેશોત્સવ-૨૦૨૩ માં જુદી-જુદી શાળાઓની મુલાકાત લીધેલ પદાધિકારીશ્રીઓ/અધિકારીશ્રીઓ સાથે ડી બ્રીફિંગ મીટીંગનું આયોજન થયેલ. જેમાં પીએમ પોષણ યોજના માટે મહત્વના ભોજનની ગુણવત્તા માટે ઉપયોગી સૂચનો, ત્રુટીઓ અને ખૂટતી માળખાકીય વ્યવસ્થાઓ અંગે પ્રતિભાવ મળેલ.

- <u>પીએમ પોષણ યોજના હેઠળના વિદ્યાર્થીઓના ભોજનમાં સરગવાના પાન અને સીંગનો ઉપયોગ તથા સરગવાની અગત્યતા અંગે જાગૃતિ.</u>

મહુધા નગરપાલિકા વિસ્તાર (જીલ્લો ખેડા) ની શાળામાં પ્રવેશોત્સવ મુલાકાતે આવેલ રાજ્યના સીનીયર વનવિભાગના અધિકારીશ્રી ને એવો અનુભવ થયેલ કે શાળામાં સરગવાના વૃક્ષ હોવા છતાં બાળકોના ભોજનમાં તેનો ઉપયોગ કરવામાં ન્હોતો આવતો. સરગવાની કુપોષણ નિવારણમાં અગત્યતા

વિષે શિક્ષકો, પીએમ પોષણ યોજનાના માનદવેતન ધારકો સંચાલક/રસોઈયા/હેલ્પર, વાલીઓ કે વિદ્યાર્થીઓને જાણકારી ન્હોતી. કુપોષણ નિવારણના રાજ્ય સરકારના કટિબધ્ધ પ્રયાસના ભાગરૂપે દરેક શાળામાં સ્કુલ ન્યુટ્રીશન ગાર્ડન વિકસાવવામાં આવેલ છે અને તેમાં ઘણી શાળાઓએ સરગવાના વૃક્ષોનો ઉછેર પણ કરેલ છે. સરગવાના પાન-સીંગ વગેરેનો ભોજનમાં ઉપયોગ કરવાની અવાર-નવાર સૂચનાઓ આપેલ છે. છતાં એક શાળામાં આ અંગે જાગૃતિ કાર્યક્રમ નહી થવાના લીધે ઉપર મુજબ વર્ણવેલો અનુભવ રાજ્યના વરિષ્ટ વન વિભાગના અધિકારીશ્રીને થયેલ છે.

"સરગવા" ના સિંગ અને પાંદડા કેલ્શીયમ, વિટામિન્સ, મિનરલ્સ વગેરેના પ્રાકૃતિક સ્ત્રોત છે. ભારતમાં પ્રાચીન કાળથી સરગવાનો ખોરાક તરીકે ઉપયોગ થતો હતો. પૌષ્ટિક તત્વો સાથે ઔષધિય ગુણ ધરાવનાર સરગવાને આપણા રોજીંદા ખોરાકમાં સમાવવામાં આવે તો અનેક પ્રકારની શારીરિક નબળાઈઓ દુર કરી શકાય, કુપોષણ નિવારી શકાય તથા લોકોની રોગપ્રતિકારક શક્તિ પણ વધારી શકાય એટલું જ નહી ભારતીય શાકાહારી ખોરાક પ્રણાલીને લોહતત્વ, ઝીંક, કોપર, કેલ્શીયમ, મેગ્નેશીયમ તેમજ અનેક વિટામિન્સના કુદરતી સ્ત્રોત એવા સરગવાના સિંગ, પાંદડા વગેરેનો ઉપયોગ કરી દ્વઢીકૃત-ફોર્ટીફાઈડ પણ કરી શકાય છે. આમ અલગથી રાસાયણિક પ્રક્રિયાઓથી મેળવેલ ખર્ચાળ વિટામિન્સ, મિનરલ્સ, ખનીજ તત્વોના ઉમેરણ કરવાની પણ જરૂરીયાત ન રહે.

જો શાળામાં બાળકોના ભોજનમાં સરગવાનો ઉપયોગ કરવામાં આવે તો બાળકોની યાદશક્તિ, શારીરિક સ્ફૂર્તિમાં વધારો કરે તથા કુપોષણ નિવારણમાં પણ ઉપયોગી થાય. મોટેરાઓના પણ ઘૂંટણાના ઘસારા, અકાળે વાળ સફેદ થવા ડાયાબિટીસ અને બ્લડપ્રેશરમાં ઉપયોગી થાય. તેથી વિટામિન્સ, ખનીજોના કુદરતી સ્ત્રોત તરીકે સરગવાનો વ્યાપક ઉપયોગ થાય તથા તેની જાણકારી બધાને થાય તે હેતુથી રોજીંદા ખોરાકમાં લોકો સરગવાનો ખોરાકમાં ઉપયોગ કરે તે માટે ખાસ પ્રયત્નો થવા જરૂરી છે. સરગવાનો મહિમા દરેકને સમજાય તથા પ્રાચીન ભારતમાં જે પ્રમાણે પૌષ્ટિક મૂલ્ય અને ઔષધિય ગુણો ધરાવતા સરગવાને રોજીંદા ખોરાકમાં સ્થાન આપવામાં આવ્યું હતું તે પ્રમાણે વર્તમાન સમયમાં પણ જરૂરી બનેલ છે. "એનીમિયા મુક્ત ભારત" ના ધ્યેયને સિદ્ધ કરવામાં ઉપયોગી થઇ શકે તેવા ભુલાઈ ગયેલા આવા વિશિષ્ટ અને સહેલાઈથી ઉપલબ્ધ થઇ શકતા કુદરતી વનસ્પતિ જન્ય ખોરાક પરત્વે લોકોની અભિરુચિ જાગે તે જરૂરી છે. આથી નીચે મુજબ કાર્યવાહી થવા વિનંતી છે.

- ગુજરાત રાજ્યમાં વર્ષા ઋતુનું સમયસર આગમન થયેલ છે. દરેક શાળામાં "સરગવા" ના છોડનું વૃક્ષારોપણ થાય.

- દરેક શાળાના વર્ગખંડમાં તેમજ પ્રાર્થનાસભામાં સરગવાના પાન અને સીંગની કુપોષણ નિવારણ તથા સારા સ્વાસ્થ્ય માટેની ઉપયોગીતાની ચર્ચા.
- મામલતદાર કચેરી ખાતે યોજનાના સુપરવાઈઝર/નાયબ મામલતદાર દ્વારા પીએમ પોષણના માનદવેતન ધારકોની માસિક મીટીંગમાં સરગવાના સીંગ અને પાનના ઉપયોગથી વિદ્યાર્થી માટેનું ભોજન તૈયાર કરવાની તાલીમ.
- જે જીલ્લાઓમાં પીએમ પોષણ શાખામાં નાયબ જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી. વર્ગ-૨ ની નિમણુક થયેલ કે ચાર્જ સોંપવામાં આવેલ છે તેઓએ શાળાની મુલાકાત દરમિયાન "સરગવાના ઉપયોગ અને તેના કુપોષણ નિવારણમાં અગત્યતા" અંગે શિક્ષકો દ્વારા બાળકોને સમજ આપવામાં આવે છે. તેની ખાતરી કરવી.
- કુપોષણ નિવારણ માટે રાજ્યમાં "ન્યુટ્રીશન લીટરેસી"ની અગત્યતાને લક્ષમાં રાખી દરેક શાળાના વર્ગમાં વિદ્યાર્થીઓને આપવામાં આવતા શિક્ષણમાં પોષણના કુદરતી સ્ત્રોત એવા "સરગવા"નો પણ સમાવેશ કરવા પ્રયત્ન કરવી.

આભાર

સંયુક્ત કમિશ્નર
પીએમ પોષણ યોજના
ગાંધીનગર

નકલ સવિનય રવાના -
પ્રતિ.

- મ્યુન્સિપાલ કમિશનરશ્રી. તમામ કોર્પોરેશન. જાણ તથા જરૂરી કાર્યવાહી
- નિયામકશ્રી. સમગ્ર શિક્ષા અભિયાન. સેક્ટર-૧૭. ગાંધીનગર. જાણ તથા જરૂરી કાર્યવાહી
- સંયુક્ત સચિવશ્રી. શિક્ષણ વિભાગ (ર-શાખા). સચિવાલય. ગાંધીનગર. જાણ સારૂ.
- નિયામકશ્રી. પ્રાથમિક શિક્ષણની કચેરી. ડૉ.જીવરાજ મહેતા ભવન. ગાંધીનગર. જાણ તથા જરૂરી કાર્યવાહી